| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૩/૦૮/૨૦૨૧ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૩/૦૮/૨૦૨૧ | | |
| ફેંસલ તારીખ | ૨૭/૦૭/૨૦૨૨ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

આંકઃ

# સુરતના ત્રીજા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.સુરત.

ક્રિમીનલ કેસ નંબરઃ ૭૭૭૫૬/૨૦૨૧.

| | | |
|---|---|---|
| **ફરિયાદીઃ** | | સરકાર શ્રી. |

વિરૂદ્ધ

| | | |
|---|---|---|
| **આરોપી** | ૧ | યશ ભરતભાઇ ભુપતાણી,<br>રહે. ઘર નં. એમ/૧૦૪, સ્ટાર પેલેસ, ક્રિષ્ના રેસીડેન્સી નજીક, અમરોલી, સુરત. |
| | ૨ | કિરણભાઇ ઘરમશીભાઇ લુવાણી,<br>રહે. ઘર નં. ૫૪, અક્ષરદીપ સોસાયટી, કતારગામ, સુરત. |
| | ૩ | કેવલકુમાર શૈલેષભાઇ પટેલ,<br>રહે. ઘર નં. એ/૩/૧૦૩, સ્વીટ હાઉસ, કોસાડ, અમરોલી, સુરત. |

| | | |
|---|---|---|
| | ૪ | વિરભદ્રસિંહ ધર્મેન્દ્રસિંહ ઝાલા,<br>રહે. બી/૧૧, ફ્લેટ નં. ૧૨૮, નવા પરા, ભાવનગર. |
| | ૫ | મેહુલ ઝવેરભાઇ કાકડીયા,<br>રહે. ઘર નં. ૪૦૧, જ્ઞાન પ્રવાહ એપાર્ટમેન્ટ, સિંગણપુર, કતારગામ, સુરત. |
| | ૬ | જીતેન્દ્ર ટૈકલાલ જરી મંડલ,<br>રહે. પંડનિયા ગામ, પોસ્ટ બુધીડીહા, થાના– અહિલ્યાપુર, જી. ગિરીડિહ ઝારખંડ. |
| | ૭ | ભરતભાઇ બાબુભાઇ સલીયા,<br>રહે. સી/૬૦૪, સહજ ઇમ્પીરીયા, સુકન વેલીની બાજુમાં, ડભોલી બ્રીજ પાસે, સુરત. |
| | ૮ | કિશોરભાઇ અરજણભાઇ પ્રજાપતિ,<br>રહે. ઘર નં. ૮૫, જે.કે.પી. નગર, કતારગામ, સુરત. |

| | |
|---|---|
| **ફરિયાદ** | ઇ.પી.કો.કલમ–૪૦૬, ૪૨૦, ૧૧૪ તથા ઇન્ફર્મેશન ટેકલનોલોજી એકટ–૨૦૦૦ ની કલમ– ૬૬, ૬૬(ડી) મુજબ. |

| | |
|---|---|
| ફરિયાદી તરફે વિ. એ.પી.પી. શ્રી | એસ.આર. ધાકરે. |
| આરોપી નં. ૧ થી ૩ તર્ફે વિ.વ.શ્રી | ડી.આર. પટેલ./અંકિતા વોરા. |
| આરોપીઓ નં. ૪ થી ૬ તરફે વિ. વ. શ્રી | વિરભદ્રસીંહ ઝાલા |
| આરોપી નં. ૭ અને ૮ તર્ફે વ.વિ.શ્રી | માયાબેન ખોખર. |

## જ જ મે ન્ટ

(૧.૦) ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ

ગઈ તા.૧૯/૦૪/૨૦૨૧ નારોજ કલાક ૧૪/૧૦ વાગે ફરીયાદીના મોબાઈલ ફોન નં 84019−21998 ઉપર અજાણ્યા ઈસમે તેના મો.નં 74091 46291 ઉપર થી ફોન કરી ફરીયાદીને કહેલ કે, હુ આર.બી.એલ. બેન્ક વિભાગ માંથી બોલુ છુ તેમ કહી ફરીયાદીને કાર્ડના ફાયદા તથા ઈનસ્યોરન્સ તથા એન્યુલ ફિ બાબતે જણાવતા ફરીયાદીએ તેઓને ઈનસ્યોરન્સ તથા એન્યુલ ફી ચાર્જ કેન્સલ કરવા જણાવતા તેને ફરીયાદીને કહેલ કે તમારા મોબાઈલ ફોન ઉપર જે OTP આવે તે મને આપજો એટલે હુ તમારૂં ઈનસ્યોરન્સ તથા એન્યલ ફિ કેન્સલ કરવાની પ્રોસેસ કરી દઈશ તેમ કહી ફરીયાદીના મોબાઈલ ફોન ઉપર આવેલ OTP નંબર ફરીયાદી પાસેથી મેળવી લઈ તે ઈસમે મારા RBL બેન્કના ક્રીડીટ કાર્ડ નં. 5243−0215−4200 માંથી ૧,૦૭,૩૬૦/− રૂપીયા કોમ્પ્યુટર સાધનો વડે ટ્રાન્સફર કરી ફરીયાદી સાથે વિશ્વાસઘાત તેમજ છેતરપીડીં કરતાં તે અજાણ્યા ઈસમ જેનો મો.નં 74091−46291 નાઓએ ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતાં તે વિગતેની ફરીયાદ પોલીસ સ્ટેશને દાખલ કરતા, આરોપી સામે ગુન્હો દાખલ કરી, તપાસ કરનાર અધિકારી દ્વારા તપાસ કરી, તપાસના અંતે હાલના આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ− ૪૦૬, ૪૨૦, ૧૧૪ તથા ઈન્ફર્મેશન ટેકલનોલોજી એકટ−૨૦૦૦ ની કલમ− ૬૬, ૬૬(ડી) મુજબના ગુન્હા સબબ પુરતો પુરાવો મળી આવતાં, હાલના આરોપી સામે અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવતાં તેને ફોજદારી કેસ નં. ૭૭૭૫૬/૨૦૨૧ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૨.૦) ત્યારબાદ, આ કામે આરોપી સામે ચાર્જશીટ રજૂ થતાં, તેઓની સામેના સદર ગુન્હાનુ સંજ્ઞાન લઈ, આરોપીીને સમન્સ કરવામાં આવતા, આરોપીને સમન્સ બજી જતા, તે તેના વકીલ સાથે અદાલતમાં ઉપસ્થિત થયેલ છે અને ત્યારબાદ આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ અન્વયે, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૧૭૩ મુજબના કાગળોની નકલો વિનામૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૦(૧) પ્રમાણે આરોપી ઉપર આંક–૧૦ થી ઉપરોક્ત ગુન્હાનું તહોમતનામું કોર્ટ દ્વારા ફરમાવી, સદરહું તહોમતનામું આરોપીને વાંચી–સંભળાવી, આરોપીની સદરહું તહોમતનામાં અંગે આંક– ૧૧ થી ૧૮ સુધીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં, તેમણે ગુન્હો કબુલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવો છે, તેમ જણાવતાં, આ કેસની ઈન્સાફી કાર્યવાહી આરોપી સામે આગળ ચલાવવામાં આવેલ છે.

(૩.૦) ત્યારબાદ, આ કામે ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે.

## મૌખિક પુરાવાઓ

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદી અનિલકુમાર સુરેન્દ્રભાઇ શર્માની સોગંદ ઉપરની જુબાની. | ૪૧ |

## દસ્તાવેજી પુરાવાઓ

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ. | ૪૨ |
| ૨. | પંચનામા. | ૪૨/૧ અને ૪૨/૨ |

**(૪.૦)** આ કામે ફરિયાદપક્ષે ફરીયાદીને તપાસ્યા બાદ ફરીયાદીએ આંક–૪૩ થી સમાધાન પુરશીષ રજુ કરેલ છે, તેમજ આંક–૪૪ થી પુરાવા બંધનું પુરશીષ આપી જાહેર કરેલ છે કે, તેઓ વધુ કોઇ પુરાવા આપવા માંગતા નથી. જેથી, આ કામે ફરિયાદ પક્ષનો પુરાવો પુરો કરવામાં આવેલ છે.

**(૫.૦)** આ કામે ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં, આરોપી સામે રેકર્ડ ઉપર આવેલ પુરાવા અંગે આરોપીનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં જેટલો પણ પુરાવો ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ ન હોય, જેથી, આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૬.૦)** ત્યારબાદ, ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૭.૦)** આ કેસની ઉપરોક્ત હકીકતો, સંજોગો, રેકર્ડ ઉપર રજૂ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભય પક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, આ કેસના ન્યાય–નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**--// મુ દ્દા //--**

(૧)શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૧૯/૦૪/૨૦૨૧ નારોજ કલાક ૧૪/૧૦ વાગે ફરીયાદીના મોબાઈલ ફોન નં 84019–21998 ઉપર અજાણ્યા ઈસમે તેના મો.નં 74091 46291 ઉપર થી ફોન કરી ફરીયાદીને કહેલ કે, હુ આર.બી.એલ. બેન્ક વિભાગ માંથી બોલુ છુ તેમ કહી ફરીયાદીને કાર્ડના ફાયદા તથા ઈનસ્યોરન્સ તથા એન્યુલ ફિ બાબતે જણાવતા ફરીયાદીએ તેઓને ઈનસ્યોરન્સ તથા એન્યુલ ફી ચાર્જ કેન્સલ કરવા જણાવતા તેને ફરીયાદીને કહેલ કે તમારા મોબાઈલ ફોન ઉપર જે OTP આવે તે મને આપજો એટલે હુ તમારૂં ઈનસ્યોરન્સ તથા એન્યલ ફિ કેન્સલ કરવાની પ્રોસેસ કરી દઈશ તેમ

કહી ફરીયાદીના મોબાઈલ ફોન ઉપર આવેલ OTP નંબર ફરીયાદી પાસેથી મેળવી લઈ તે ઈસમે મારા RBL બેન્કના ક્રીડીટ કાર્ડ નં. 5243-0215-4200 માંથી ૧,૦૭,૩૬૦/- રૂપીયા કોમ્પ્યુટર સાધનો વડે ટ્રાન્સફર કરી ફરીયાદી સાથે વિશ્વાસઘાત તેમજ છેતરપીડીં કરતાં તે અજાણ્યા ઈસમ જેનો મો.નં 74091-46291 નાઓએ ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી ભારતીય દંડ સંહિતાની કલમ- ૪૦૬, ૪૨૦, ૧૧૪ તથા ઈન્ફર્મેશન ટેકલનોલોજી એકટ-૨૦૦૦ ની કલમ- ૬૬, ૬૬(ડી) મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭.૧)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નં.૧. - નકારમાં.

(૨) મુદ્દા નં.૨. - આખરી હુકમ મુજબ.

## --// કા ર ણો //--

## <u>મુદ્દા નંબર - ૧.</u>

**(૮.૦)** આ કામના આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે ત્યારે,

ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે અને જ્યાં સુધી આરોપીી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. વધુમાં, ફરિયાદ પક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય, તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે.

(૯.૦) આ કામે આરોપી સામે આક્ષેપીત ગુનાના તત્વો અનુસંધાને રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરિયાદપક્ષે, આંક-૪૧ થી આ કામના ફરીયાદી અનિલકુમાર સુરેન્દ્રભાઇ શર્માને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આશરે એકાદ વર્ષ પહેલાં બનેલો. બનાવમાં ફરીયાદી આર.બી.એલ. ના ક્રેડિટ કાર્ડથી પૈસા કપાયા બાબતનો ફરીયાદીને મેસેજ મળતાં તે બાબતે તપાસ કરેલી અને જે-તે સમયે ફરીયાદીને તે બાબતે કોઈ ચોક્કસ માહિતી કે જાણકારી ન હતી. તેથી આવેશમાં આવી જઈ ફરીયાદી છેતરાયેલ છે, તેવા આશયથી ફરીયાદીએ પોલીસમાં ફરિયાદ આપેલી. તેઓએ આંક-૪૨ ની ફરીયાદમાંની તેઓની સહી ઓળખી બતાવેલ છે. તેઓ આરોપીઓને ઓળખતા નથી. તેમના ક્રેડિટ કાર્ડ માંથી કોઈએ ઓ.ટી.પી. લઈને છેતરપિંડી કરી કોઈ રકમની ઉચાપત કરેલ હોય તેવુ બનેલ નથી. તેમ ફરીયાદીએ પોતાની સરતપાસમાં

ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલી મહત્વની હકીકતોને તેની સરતપાસમાં સમર્થન ન આપતા, વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલા જાહેર કરી, ફરીયાદની વિગતે તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. તેમ છતાં, સદરહું ફરીયાદીએ એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટ તપાસમાં પણ ફરીયાદમાની હકીકતો મુજબની હકીકતોને સમર્થન આપેલ નથી.

**(૧૦.૦)** ત્યારબાદ, સદરહું ફરીયાદીની આરોપીઓ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, "જે–તે સમયે મને પુરતી માહિતી ન હોવા છતાં આવેશમાં આવી જઈ ફરિયાદ આપેલ અને આ કામના આરોપીઓએ મારી પાસેથી ઓ.ટી.પી. મેળવીને મારા ક્રેડિટ કાર્ડમાંથી નાણાંની ઉચાપત કરી કોઈ ગુનાહિત વિશ્વાસઘાત કે છેતરપિંડી કરેલ હોય તેવું બનેલ નથી." એ વાત ખરી છે કે, "હું અગાઉ આરોપીઓને ક્યારેય મળેલો નથી તથા મારી પાસે આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી." એ વાત ખરી છે કે, "મને કોઈ પણ સમયે આરોપીઓએ ફોન કરેલ હોય તેવુ બનેલ નથી તથા મારા ખાતામાંથી કોઈ પણ નાણાંકીય રકમ આરોપીના ખાતામાં ગયેલ હોય તેવુ મને જાણવા મળેલુ નથી." એ વાત ખરી છે કે, "મારા ખાતામાંથી જે કોઈ નાણાંકીય રકમ ગયેલી તે કોણે લીધેલી હતી? તે હું કહી શકુ તેમ નથી તથા મને મારી તમામ નાણાંકીય રકમ પરત મળી ગયેલી છે." એ વાત ખરી છે કે, "આરોપીઓ સાથે મારે કોઈ અણબનાવ નથી કે તેઓને અગાઉથી હું ક્યારેય ઓળખતો

નથી. જેથી આરોપીઓએ મારો વિશ્વાસ સંપાદન કરેલો હોય અને ત્યારબાદ મને કોઈ કિંમતી વસ્તુ આપવા લલચાવેલ હોય તેવુ બનેલ નથી." એ વાત ખરી છે કે, "હું રાજી-ખુશીથી જુબાની આપવા માટે આવેલ છુ, મને કોઈએ જુબાની આપવા માટે લોભ, લાલચ કે ધાક, ધમકી આપેલ નથી."

**(૧૧.૦)** સદર કામે ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ સદર ફરીયાદી સાહેદની જુબાની ધ્યાને લેતાં, એ બાબત સ્પષ્ટ થાય છે કે, તેઓના કહેવા મુજબ આ કામના આરોપીએ ફરીયાદીના આર.બી.એલ. ના ક્રેડિટ કાર્ડમાંથી ફરીયાદી પાસેથી આરોપીએ ઓ.ટી.પી. મેળવીને રૂ.૧,૦૭,૩૬૦/- કોમ્પ્યુટર સાધનો વડે ટ્રાન્સફર કરી ફરીયાદી સાથે વિશ્વાસઘાત તેમજ છેતરપીડીં કરેલ હોય, તેવું ફરીયાદીની ઉપરોકત સરતપાસ તથા આરોપીઓ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતાં સાબિત થતું નથી. આમ, ફરીયાદપક્ષ તરફથી આરોપી સામે ભારતીય ફોજદારી ધારાની કલમ- ૪૦૬, ૪૨૦, ૧૧૪ તથા ઈન્ફર્મેશન ટેકલનોલોજી એકટ-૨૦૦૦ ની કલમ- ૬૬, ૬૬(ડી) મુજબના ગુના સબબ પણ ચાર્જશીટ કરવામાં આવેલ છે. પરંતુ આ ગુનાને લગતા તત્વો સાબિત થાય તેવો કોઈપણ પુરાવો અદાલતના રેકર્ડ ઉપર મુકવામાં આવેલ નથી. જે સમગ્ર હકીકતો ધ્યાને લઈએ તો ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો પોતાનો કેસ સાબિત કરવામાં સંપુર્ણપણે નિષ્ફળ ગયેલા છે.

**(૧૨.૦)** સદર કામે ફરીયાદપક્ષનો કેસ એવો છે કે, આ કામના આરોપીઓએ એકબીજાને મદદગારી કરીને આ કામના ફરીયાદીના બેંક ખાતા માંથી નાણાંકીય રકમ ઉપાડી લીધેલી અને તે રકમનો ઉપયોગ જુદા જુદા વ્યકિતઓના ઓન લાઇન બિલ ભરવા માટે કરવામાં આવેલો. આ કામે ફરીયાદની હકીકત જોતાં એ બાબત સ્પષ્ટ થયેલી છે કે, ફરીયાદીએ માત્ર એક વખત કોઇ અજાણ્યા વ્યકિતને ઓ.ટી.પી. આપેલો છે. જેથી, ફરીયાદીના ખાતા માંથી તેવા ઓ.ટી.પી.નો ઉપયોગ કરીને માત્ર એક વખત નાણાંકીય રકમ ઉપાડી શકાય. ફરીયાદપક્ષ તરફથી એવો કોઇપણ પુરાવો આ કામે રજુ કરવામાં આવેલો નથી કે, ફરીયાદીના બેંક ખાતા માંથી નાણાંકીય રકમ ઉપાડીને કોઇ ચોકકસ આરોપીના ખાતામાં તે નાણાંકીય રકમ જમા કરાવવામાં આવેલી અને ત્યારબાદ, જે કોઇ ઓન લાઇન બિલ ભરવામાં આવેલા છે તે બિલો ભરવા માટે તેવા ખાતાનો ઉપયોગ થયેલો. જયાં સુધી ફરીયાદીના ખાતા માંથી નાણાંકીય રકમ ટ્રાન્સફર થઇને આરોપીના ખાતામાં રકમ જમા થયેલ છે તે અંગેનો પુરાવો રેકર્ડ પર મુકવામા આવે ન ત્યા સુધી કોઇપણ આરોપીએ ફરીયાદીની રકમ ખોટી રીતે કે છેતરપીંડી કરીને ઉપાડી લીધી છે તેવુ સાબિત થયેલું માની શકાય નહિ. આ બાબતે બેંકમાં યોગ્ય તે તપાસ કરીને કોઇપણ દસ્તાવેજી પુરાવાઓ મેળવવામાં આવેલા હોય અને તેને ચાર્જશીટ સાથે રાખવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. અજાણ્યા આરોપી સામે કરવામાં આવેલ ફરીયાદ

અનુસંધાને ત.ક.અમલદાર હાલના આરોપીએ જ ગુનો કરેલો છે તેવા નિર્ણય પર કયા પુરાવાના આધારે પહોંચેલા છે તેનો કોઇ ખુલાસો નથી. ટુકમાં કહીએ તો ફરીયાદી સાથે થયેલી છેતરપીંડીને હાલના આરોપીઓને સાંકળતો કોઇ જ માનવા લાયક પુરાવો રેકર્ડ પર નથી. તેવા સંજોગોમાં ફરીયાદીના બેંક માંથી ગયેલી રકમ અને આરોપીના બેંક ખાતામાં કે અન્ય કોઇ વોલેટમાં જમા થયેલી રકમને સાંકળતો કોઇ જ પુરાવો રજુ કરવામાં ન આવે ત્યાં સુધી આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહિ.

**(૧૩.૦)** આમ, આ કામે રેકર્ડ પર રજૂ થયેલ પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરતા, ફરીયાદપક્ષ આ કામના તેમના મૌખિક, દસ્તાવેજી કે સાંયોગિક પુરાવા દ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ– કલમ– ૪૦૬, ૪૨૦, ૧૧૪ તથા ઈન્ફર્મેશન ટેકલનોલોજી એકટ–૨૦૦૦ ની કલમ– ૬૬, ૬૬(ડી) મુજબના ગુન્હાના તત્વો સાબિત કરી, આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ– કલમ– ૪૦૬, ૪૨૦, ૧૧૪ તથા ઈન્ફર્મેશન ટેકલનોલોજી એકટ–૨૦૦૦ ની કલમ– ૬૬, ૬૬(ડી) મુજબના ગુના શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ પરત્વે તથા કેસના આખરી નિકાલ સારૂં, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## --// હુકમ //--

(૧) આ કામના આરોપી નં. (૧) યશ ભરતભાઇ ભુપતાણી, રહે. ઘર નં. એમ/૧૦૪, સ્ટાર પેલેસ, ક્રિષ્ના રેસીડેન્સી નજીક, અમરોલી, સુરત, (૨) કિરણભાઇ ઘરમશીભાઇ લુવાણી, રહે. ઘર નં. ૫૪, અક્ષરદીપ સોસાયટી, કતારગામ, સુરત, (૩) કેવલકુમાર શૈલેષભાઇ પટેલ, રહે. ઘર નં. એ/૩/૧૦૩, સ્વીટ હાઉસ, કોસાડ, અમરોલી, સુરત, (૪) વિરભદ્રસિંહ ધર્મેન્દ્રસિંહ ઝાલા, રહે. બી/૧૧, ફલેટ નં. ૧૨૮, નવા પરા, ભાવનગર, (૫) મેહુલ ઝવેરભાઇ કાકડીયા, રહે. ઘર નં. ૪૦૧, જ્ઞાન પ્રવાહ એપાર્ટમેન્ટ, સિંગણપુર, કતારગામ, સુરત, (૬) જીતેન્દ્ર ટૈકલાલ જરી મંડલ, રહે. પંડનિયા ગામ, પોસ્ટ બુધીડીહા, થાના–અહિલ્યાપુર, જી. ગિરીડિહ ઝારખંડ, (૭) ભરતભાઇ બાબુભાઇ સલીયા, રહે. સી/૬૦૪, સહજ ઇમ્પીરીયા, સુકન વેલીની બાજુમાં, ડભોલી બ્રીજ પાસે, સુરત તથા (૮) કિશોરભાઇ અરજણભાઇ પ્રજાપતિ, રહે. ઘર નં. ૮૫, જે.કે.પી. નગર, કતારગામ, સુરતનાઓનેને ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૧૧૪ તથા ઇન્ફર્મેશન

ટેકલનોલોજી એકટ–૨૦૦૦ ની કલમ– ૬૬, ૬૬(ડી) મુજબના સજાનેપાત્ર ગુન્હાના તહોમતમાંથી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી, છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના અગાઉના બેઈલ – બોન્ડ રદ્દ કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલ રોકડ રકમ અંગે કોઈપણ વ્યકિતએ પોતાનો હકક દાવો કરેલ ન હોય તેવી રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. અન્ય કિંમતી મુદ્દામાલ અંગે ત્રણ મહિનાની અંદર કોઈપણ વ્યકિત પોતાનો હકક દાવો ન કરે તો તેવો મુદ્દામાલ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે અને તેવા મુદ્દામાલનું જાહેર હરાજીથી વેચાણ કરી તેની રકમ સરકાર ખાતે જમા કરવા આદેશ કરવામાં આવે છે. બિન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો આદેશ કરવામાં આવે છે. કોઈપણ પક્ષકાર ત્રણ મહિનાના સમયગાળા દરમ્યાન રોકડ રકમ સિવાયના અન્ય મુદ્દામાલ બાબતે પોતાનો હકક દાવો અને માલિકી હકક બતાવતી અરજી કરી શકશે.

(૩) આરોપીએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ અનુસાર આ હુકમ સામે ઉચ્ચ અદાલતમાં અપીલ કે,

પીટીશન થયેથી, જે–તે અપીલ કોર્ટમાં હાજર રહેશે તેવી ખાત્રી આપતાં, રૂ.૫,૦૦૦/– ના નવા જામીનખત રજૂ કરવા.

હુકમ આજરોજ, તારીખ–૨૭ મી, જુલાઇ, સને–૨૦૨૨ ના રોજ વાંચી, સંભળાવી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળઃ સુરત.
તારીખઃ ૨૭/૦૭/૨૦૨૨.

(મેહુલકુમાર કિશોરસિંહ ખેર)
ત્રીજા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
સુરત.
(કોડ નંબરઃ જી.જે.૦૦૮૫૯)